# કાદયાનીને ઓળખો

★ સંપાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*


★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02

*C/o.* ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.

પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

**પ્રકાશન નં. : ૧૦૮ આવૃત્તિ–૧ પ્રત : ૩૧૦૦**

**૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૪ સપ્ટેમ્બર–૦૩**


**પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !**

## સખી દાતાઓનો આભાર ! જઝાકલ્લાહ !

જે સુન્ની મુખ્લિસ ભાઈ બહેનોએ આપણી પ્યારી સંસ્થા **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"**ને રમઝાન માસ દરમ્યાન તેમજ અન્ય દિવસોમાં જે કાંઈ સહાય મોકલી છે તથા જે ભાઈઓ મેમ્બર બન્યા છે તથા બનાવ્યા છે, અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં સૌને જઝાએ ખૈર અતા કરે.–*આમીન.*

## વરસ દરમ્યાન પ્રકાશિત થયેલ કિતાબો

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તરફથી સમયની માંગને અનુરૂપ અહલે સુન્નત વ જમાઅતના મશહૂર આલિમોની કલમે આલેખાયેલ ઈસ્લામી શરીઅતનું સ્ટાન્ડર્ડ કક્ષાનું સાહિત્ય બહાર પડતુ રહે છે. ચાલુ સાલે આટલી કિતાબો સુન્ની અવામ સમક્ષ ભેટ ધરવામાં આવી :–

★ **ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિકતા** *(પેજીસ : ૯૬)*

★ **પર્દો શા માટે ?** *(પેજીસ : ૮૮)*

★ **અન્વારુલ કુર્આન** *(પેજીસ : ૧૨૮)*

★ **જાઅલ હક્ક** (ભાગ–૪, પેજીસ :૨૪૮) [જેનો હવે છેલ્લો ભાગ–૫ બહાર પડશે એટલે જાઅલ હક્ક (મુકમ્મલ) થઈ જશે. ઈન્શાઅલ્લાહ !]

★ **સહાબીઓનો ઈશ્કે રસૂલ** (પેજીસ : ૧૮૪)

★ **તબુર્રકાતની તા'ઝીમ** (પેજીસ : ૪૮)

★ **તોહફાએ નજાત** (ભાગ–૮, પેજીસ : ૪૩૨)

★ **રૂહાની હિકાયતો** (ભાગ–૨, પેજીસ : ૨૨૪)

★ **ચોવીસ આયતોનો કુર્આની ભાવાર્થ** (પેજીસ : ૬૪)

★ **તોહફાએ નજાત** (ભાગ–૯) એટલે **મૌતને ભૂલશો નહીં !** (પેજીસ : ૪૮૪)

આપણી સંસ્થા આ પ્રમાણે અધિકથી અધિક પેજવાળી અને વિશેષતઃ સુન્નિયતની ખિદમત કાજે ગુમરાહિયતની નીડરપણે રદ કરવા શરીઅતની તાલીમને ફેલાવવા અથાગ પરિશ્રમ કરી રહી છે તો દીનની હમદર્દી તમારા દિલમાં જાગી હોય તો **સહાય મોકલો** તેમજ **મેમ્બર બનો તથા બનાવો** એવી અપીલ છે.

**–પ્રકાશક**

★ સંપાદક ★


**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**

Anjumane Raza-E-Mustafa-Dayadara

C/o. Faizane Raza Manzil, At & Po.: Dayadara, Pin : 392020, Di.: Bharuch (Guj.) India, PH. (02642) 282792, 282911

GRWB/059/Bharuch/02

C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

પ્રકાશન નં. : ૧૦૮ આવૃત્તિ–૧ પ્રત : ૩૦૦૦

૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૪ સપ્ટેમ્બર–૦૩

નૂરાની આર્ટ, દયાદરા,

ફોન. (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨


★ કાદયાનીને ઓળખો ★

# કાદયાનીને ઓળખો

☆ અનુક્રમણિકા ☆


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | પ્રસ્તાવના.... | ૦૩ |
| ૦૨ | કાદયાની ધર્મની શરૂઆત ક્યાંથી થઈ ? | ૦૫ |
| ૦૩ | હુઝૂર અંતિમ નબી હોવા વિશે કુર્આની હુકમ | ૦૭ |
| ૦૪ | હુઝૂર અંતિમ નબી હોવા વિશે હદીષથી સાબિતી | ૦૮ |
| ૦૫ | હુઝૂર અંતિમ નબી હોવા બાબતે ઉમ્મતનો ઈજમાઅ | ૧૧ |
| ૦૬ | કાદયાની વિરૂધ્ધ અહલે સુન્નતના ઉલમાના ફત્વા | ૧૩ |
| ૦૭ | કાદયાનીઓના ગલત અકીદા તથા માન્યતાઓ | ૧૪ |
| ૦૮ | હઝરત આદમ عليه الصلوٰة والتسليم ની તૌહીન | ૧૪ |
| ૦૯ | કાદયાનીનું એક ખતરનાક લખાણ ! | ૧૭ |
| ૧૦ | હઝરત નૂહ عليه الصلوٰة والتسليم ની શાનમાં ગુસ્તાખી | ૧૭ |
| ૧૧ | કાદયાની સ્વમૂખે કઝ્ઝાબ (જૂઠો) ઠર્યો ! | ૧૮ |
| ૧૨ | હઝરત યુસુફ عليه الصلوٰة والتسليم ની શાનમાં ગુસ્તાખી | ૧૯ |
| ૧૩ | તમામ નબીઓની શાનમાં બેઅદબી | ૨૦ |
| ૧૪ | મિષ્લ, ઝિલ્લ તથા બરૂઝ વગેરેનો ભાવાર્થ | ૨૨ |
| ૧૫ | હઝરત ઈસા તથા હઝરત મરમયની શાનમાં ગુસ્તાખી | ૨૩ |
| ૧૬ | ખાતમુન્નબિય્યીન બેમિષ્લ નબી મુહમ્મદ મુસ્તફા صلى الله تعالى عليه وسلم ની શાનમાં ગુસ્તાખી | ૨૫ |
| ૧૭ | હઝરત અબૂબક્ર તથા ઉમરની શાનમાં ગુસ્તાખી | ૨૭ |
| ૧૮ | કાદયાનીને ન માનનારને તેણે હલકી ગાળો ભાંડી ! | ૨૮ |
| ૧૯ | કુર્આને પાકની તૌહીન | ૨૯ |
| ૨૦ | મુબારક હદીષોની તૌહીન | ૩૦ |
| ૨૧ | મક્ક–મદીના તથા હજ્જની તથા ઈસ્લામની તૌહીન | ૩૦ |
| ૨૨ | ઈસ્લામી જેહદનો ઈન્કાર તથા તૌહીન | ૩૧ |
| ૨૩ | કાદયાનીની દ્રષ્ટિએ કાફિરની વ્યાખ્યા ! | ૩૨ |

بسم اللہ الرحمٰن الرحیم

# પ્રસ્તાવના.....

## نحمدهٗ ونصلی علی رسولهِ الکریم

ઈસ્લામ વિરૂધ્ધ દિન પ્રતિ દિન વિવિધ પ્રકારના નિત નવા રૂપમાં ઉઠતાં તોફાનો ઉછાળા મારતાં રહીને ઈસ્લામના કિલ્લાની દીવાલોની સાથે ટકરાતાં રહે છે અને તેના પાયાને હચમચાવા કોશિશ કરે છે પણ જેનો મુહાફિઝ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત છે તે પાકીઝા મઝહબ ઈસ્લામના અસલી ચહેરાને બગાડવા કોઈ તોફાન સફળ થઈ શક્યું નથી અને ન કિયામત સુધી સફળ થશે. આજે પણ કુર્આન તથા ઈસ્લામ તેના અસલી તાબનાક ચહેરાને સાચવીને વિ□માં પોતાની રોશની ફેલાવી રહેલ છે.

તેરમી સદી હિજરીની વિદાય અને ૧૪ મી સદી હિજરીના પ્રારંભમાં કેટલીયે નામ માત્રની ઈસ્લામી ચળવળોએ અખંડ ભારતમાં જન્મ લીધો જેમ કે વહાબી, ગૈર મુકલ્લિદ (અહલે હદીષ), ચકડાલ્વી (અહલે કુર્આન), દેવબંદી, કાદયાની....વગેરે, એ સૌ ચળવળો પાછળ ઈસ્લામ દુશ્મન શક્તિઓનો હાથ હતો એના માટે તેમનો ઈતિહાસ સાક્ષી છે. આ સર્વ ફિર્કાઓનો અભ્યાસ કરવામાં આવે તો પરિણામ એ નીકળે છે કે **સૌની જડ એ વહાબી ફિર્કો** છે, કારણ કે અલ્લાહને એક માનવામાં તો સૌ એકી અવાજે છે પણ નબીઓની શાનમાં ગુસ્તાખી કરવામાં ઉપરોક્ત સર્વ ફિર્કાઓ વહાબીઓની તે જ પગદંડી પર દોડી રહ્યા છે કે જે જહન્નમને જઈને મળે છે. નબીઓની બારગાહમાં ગુસ્તાખી કરવી એ જ જાણે તેમના ધર્મમાં દાખલ થવાનું પ્રવેશદ્વાર જણાય છે ! એથીયે આગળ વધીને કોઈએ હદીષોને માનવાથી ઈન્કાર કર્યો જે **અહલે કુર્આન** (ચકડાલ્વી) કહેવાયો તો કોઈએ ચારેવ ઈમામોની તકલીદનો ઈન્કાર કર્યો અને ડાયરેક્ટ હદીષોને માનવાનો દા'વો કર્યો અને ઓર ગુમરાહીમાં પડયો તે **અહલે હદીષ** (ગૈર મુકલ્લિદ) કહેવાયો.

વળી દેવબંદીઓના પેશવા મોલ્વી કાસિમ નાનોત્વીએ સહાબાથી લઈને આજ સુધી ચાલ્યો આવતો મશહૂર અકીદો કે **હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **આખરી નબી છે અને આપના પછી હવે કોઈ નબી થશે નહીં**, ૧૪૦૦ વરસથી મુસલમાન ઉમ્મત જેના પર ઈમાન રાખતી આવી છે તે અકીદામાં ફાચર મારી દીધી કે, "ધારો કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય તો પણ મુહમ્મદ અંતિમ નબી હોવામાં કાંઈ ફરક આવશે નહીં !" *(તહઝીરુન્નાસ)*





અને એક મહાન નવા ફિત્નામાં મુસલમાનોને ઝોંકી દીધા ! અને તેમના બનાવેલા આ પ્લેટફોર્મ પરથી **મિર્ઝા ગુલામ અહમદ કાદયાની** કાદયાનની ભૂમી પરથી પોકારી ઉઠયો કે, "હું નબી છું !" અને તેણે નબીઓની શાનમાં, સહાબા, અવલિયા, કુર્આન, મક્કા, મદીના, હજ્જ......વગેરેની શાનમાં ભયાનક ગુસ્તાખીઓ કરીને ફિત્નાઓની વણઝાર શરૂ કરી આપી.

ભલુ થાય અહલે સુન્નતના ઉલમાએ કિરામનું કે તેમણે ઈસ્લામ વિરૂધ્ધ ઉઠતા દરેક ફિત્નાનો પીછો કરીને હમેશાં તેની નાકને ધૂળમાં રગડી કાઢી છે અને હક્ક મઝહબનો ઝંડો બુલંદ કર્યો છે. આ કાદયાની ફિર્કાનો પણ અહલે સુન્નતના ઉલમાએ વિશેષતઃ મુજદ્દિદે દીનો મિલ્લત **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ નકાબ ઉલ્ટાવી નાખ્યો અને તેનો અસલી ભયાનક ચહેરો લોકો સમક્ષ પેશ કરીને કરોડો મુસલમાનોના ઈમાનની રક્ષા કરવાનો શરફ આપે હાંસલ કર્યો.

જો કે અલ્લાહના ફઝ્લો કરમથી કાદયાની ફિત્નો આ તરફ નથી પણ સમાચાર મુજબ ગુજરાતમાં ક્યાંક ક્યાંક તે ડોકાઈ રહ્યો છે અને કચ્છમાં તથા આણંદ જિલ્લાનાં ગામોમાં તેમના આંટા ફેરા થતા હોવાનું જાણવા મળ્યું તો મુઝ નાચીઝમાં ગુજરાતીમાં તેની રદ બહાર પાડવાની તાલાવેલી તથા ચિંતા જાગૃત થઈ અને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નઝરે ઈનાયતથી બુઝુર્ગોના ફયૂઝાને કરમથી આ અલ્પજ્ઞાનીએ મશહૂર ઉલમાએ અહલે સુન્નતની કિતાબો : (૧) કાદયાની ધર્મ, લેખક : મૌલાના મુફતી અબ્દુલવાહિદ સાહબ કાદરી, પ્રકાશક : જામે નૂર–દિલ્હી અને (૨) ખાતિમુલ મુરસલીન, લેખક : અલ્લામા હાફિઝ મુહમ્મદ મઝહરૂદ્દીન અમૃત્સરી, પ્રકાશક : અલ્ મજમઉલ મિસ્બાહી–મુબારકપુર (યુ.પી.)નો અભ્યાસ કરીને તેના આધારે આ સંક્ષિપ્ત પુસ્તિકા ગુજરાતી સુન્ની ભાઈ બહેનો માટે સંપાદિત કરી છે. અલ્હમ્દુલિલ્લાહ ! **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** એને પ્રકાશિત કરી રહી છે પણ મારી ઈચ્છા છે કે અન્ય સંસ્થાઓ પણ એને છાપે તો અધિક્તર લોકો લાભ મેળવશે. ઈન્શાઅલ્લાહ !

દુઆ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં લોકોને દીન પ્રત્યે હક્ક સ્વીકારવાની તથા નિખાલસ રહીને ઈસ્લામ તથા ઈમાનની કદર કરવાની તૌફીક આપે, અમારાં મર્હૂમો તથા સર્વ ઈમાનવાળાઓની મગફિરત ફર્માવે અને આપણો ખાત્મો ઈમાન પર ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

*તા. : ૯–૯–૨૦૦૩* **–પટેલ શબ્બીર અલી રઝવી**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نحمدہٗ ونصلی علی رسولہ الکریم

## ★ કાદયાની ધરમની શરૂઆત ક્યાંથી થઈ ! ★

ઈ.સ. ૧૮૫૭ માં અંગ્રેજો વિરૂધ્ધ હિંદુસ્તાનના મુસલમાન મિલ્લતના આલિમોએ જેહાદનો ફત્વો આપ્યો અને મુસલમાનોને એ વાત માટે પ્રોત્સાહિત કર્યા કે તેઓ તે અંગ્રેજો કે જેમણે હિંદની રાજ્ય સત્તા જબરદસ્તી પચાવી પાડી છે તે જાલિમોને હિંદમાંથી તગેડી મૂકે અને તેમની પાસેથી સત્તા છીનવી લે. જો કે તે વખતના ખાસ સંજોગોના કારણે આઝાદી માટેની જેહાદ તે વખતે કામયાબ ન થઈ શકી. પણ તનના ગોરા મનના કાળા (અંગ્રેજ) સંસ્થાનવાદીઓએ એ યકીન કરી લીધું કે જો મુસ્લિમ કૌમ ફરીવાર આલિમોની સરદારી હેઠળ જેહાદ માટે તૈયાર થઈ ગઈ તો તેમની સત્તા સરળતાપૂર્વક ઉઠલાવી દેશે અને તેમની સત્તાનો સૂરજ હમેશાં માટે અસ્ત થઈ જશે.

જેથી તેમણે એક આયોજનપૂવકના પ્લાન હેઠળ મુસલમાનોમાં વિખવાદનું બીજ રોપ્યું અને વિવિધ બાતિલ ફિર્કાઓને જન્મ આપ્યો અને તેમને સપોર્ટ કર્યો. (જેમાં વહાબી, દેવબંદી વગેરે ફિર્કા જનમ્યા જેનો વિગતે ઈતિહાસ "રહનુમાએ હક્ક"માં વાંચી શકશો.) એ તમામ બાતિલ ફિર્કાઓમાં **કાદયાનિયત** સૌથી ખતરનાક ફિર્કો છે. આ ફિર્કાનો સ્થાપક મુસૈલમા કાદયાની **ગુલામ અહમદ કાદયાની**એ મુસલમાનોના ખત્મે નબુવ્વતના ઈજમાઈ અકીદા સાથે બગાવત કરી અને ન કેવળ નવા નબી થવાની શક્યતાને સ્વીકારી બલ્કે ખૂદ પોતે નબુવ્વત (નબી હોવા)નો દા'વો કરી બેઠો. તેણે હઝરત મરયમ તથા ઈબ્ને મરયમની શાનમાં અતિશય અપમાનિત શબ્દો વાપર્યા, તેમની નબુવ્વતનો ઈન્કાર કર્યો અને પોતાને મસીહ મવઊદ બનાવીને રજુ કર્યો. આ બનાવટી નબીએ તમામ કુર્આની નસો (દલીલો)નો ઈન્કાર કર્યો જેના પર ૧૪૦૦ વરસથી ઈસ્લામી મિલ્લતના ઉલમાનો ઈજમાઅ છે.

ઉપરાંત તેણે કુર્આનના જેહાદ માટેના હુકમ સાથે વિવાદ કર્યો





અને અંગ્રેજોની ગવર્નમેન્ટને અલ્લાહનો સાયો ઠરાવ્યો અને તેમની સાથે જેહાદ કરવાને ગૈર ઈસ્લામી અમલ ઠરાવ્યો અને તેમની સાથે વફાદારીને ગર્વ લેવા સમાન ઠરાવી. પશ્ચિમી કૌમોએ ખાસ કરીને બ્રિટને આ ફિર્કાને ભરપુર સાથે આપ્યો અને પોતાના આ સર્જન કરેલા છોડને મજબૂત ઘટાદાર વટવૃક્ષ બનાવવા માટે તમામ સગવડો પૂરી પાડી.

ઈસ્લામના ઉલમાએ ખાસ કરીને મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબમાં આ ફિર્કાનાં કુફ્રી અકીદાઓ અને તેમના મુર્તદ થવાને ઓપન કર્યું. અને પોતાના શાગિર્દો તથા ખલીફાઓની એક એવી મહાન જમાઅત તૈયાર કરી જેમણે બાતિલ ફિર્કાઓની ખરાબીઓથી લોકોને માહિતગાર કર્યા, ખાસ કરીને કાદયાનીઓના ધોકાથી લોકોને સાવધાન કર્યા જેથી તે ઝાઝો કદમ ન જમાવી શક્યા. પણ હિંદ તથા પાક. ના અમુક પછાત વિસ્તારોમાં તેમજ આફ્રિકા તથા દક્ષિણ અમેરિકાના કેટલાક અંદરના વિસ્તારોમાં લોકો તેના પ્રપંચમાં સપડાઈ ગયા અને આ રીતે કાદયાનીએ એક વિ□વ્યાપી ચળવળની હેસિયતથી પોતાને ઓળખાવવાની કોશિશ કરી. મુર્તદ ગુલામ અહમદ કાદયાનીની જિંદગીમાં જ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી તથા મૌલાના અબ્દુલ અલીમ સિદ્દીકી મેરઠી તથા તેમના શાગિર્દો ઉપરાંત શહનશાહે વિલાયત હઝરત સૈયદ પીર મહેર અલી ગોલળવી رحمۃ اللہ علیہ, અમીરે મિલ્લત હઝરત પીર સૈયદ જમાઅત અલી શાહ મુહદ્દિષે અલીપુરી رحمۃ اللہ علیہ એ કાદયાનિયતની ભરપુર રદ કરી. કાદયાનના કઝ્ઝાબને મુનાઝરાની દા'વત આપી, મુબાહેલાના ઈજલાસમાં બોલાવ્યો, પણ તે સામનો ન કરી શક્યો અને પોતાના ખરાબ અંજામે પહોંચીને એક ધ્રુજાવી દેનારી મૌતને ભેટયો. ફલઅ્નતુલ્લાહિ અલૈહ.

કાદયાની ધરમ ૧૪ મી સદી હિજરી તથા ૨૦ મી સદી ઈસ્વીનો એક નવો ધરમ છે. એના બાતિલ તથા જૂઠા હોવા માટે એટલુ જ પૂરતુ છે કે તે ૧૪૦૦ વરસ પછી નવો ઉદ્‌ભવ પામેલો ધર્મ છે અને મુસલમાનનું દરેક બાળક દરેક વ્યક્તિ જાણે છે કે **અલ્લાહ એક છે અને મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم **તેના રસૂલ છે, આપ આખરી નબી છે, હવે આપના બાદ કોઈ નબી નથી થઈ શકતો. અને આપ**

صلی اللہ تعالیٰ علیہ وسلم **ના પછી નબી થવાની શક્યતા દર્શાવે અથવા પોતે નબી હોવાનો દા'વો કરે તો તે બદ્‌બખ્ત કાફિર તથા મુર્તદ છે. ૧૪૦૦ વરસથી સર્વ મુસલમાનોનો કુર્આન હદીષથી સાબિત આ અકીદો છે.** જેમ કે કુર્આને પાકમાં રબ તઆલા ફર્માવે છે :–

## ★ હુઝૂર અંતિમ નબી હોવા વિશે કુર્આની હુકમ ★

مَاکَانَ مُحَمَّدٌ اَبَا اَحَدٍ مِّنْ رِّجَالِکُمْ وَلٰکِنْ رَّسُوْلَ اللّٰہِ وَخَاتَمَ النَّبِیّٖنَ

આ આયતનો તર્જુમો અમે ખૂદ નથી કરતા બલ્કે કાદયાનીઓના ઈમામનો કરેલો તર્જુમો જ રજુ કરીએ છીએ જેથી તેમને કાંઈ કહેવાનો અવકાશ જ ન રહે. મિર્ઝા કાદયાની તર્જુમો લખે છે :–

**''મુહમ્મદ તમારામાંથી કોઈ મર્દના બાપ નથી પણ તે અલ્લાહના રસૂલ છે ખત્મ કરનાર નબીઓનો.''**

આ આયત સાફ દર્શાવી રહી છે કે આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કોઈ રસૂલ દુનિયામાં આવશે નહીં. *(ઈઝાલાએ અવહામ–૨૫૨, ૬૧૪)*

وَلٰکِنْ رَّسُوْلَ اللّٰہِ وَ خَاتَمَ النَّبِیّٖنَ اَلَا تَعْلَمُ اَنَّ الرَّبَّ
الرَّحِیْمَ الْمُتَفَضِّلَ سَمّٰی نَبِیَّنَا صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ خَاتَمَ
الْاَنْبِیَاءِ بِغَیْرِ اِسْتِثْنَاءٍ وَ فَسَّرَہٗ نَبِیُّنَا صَلَّی اللّٰہُ فِیْ قَوْلِہٖ لَا نَبِیَّ
بَعْدِیْ بنیان وَاضِحٍ لِّلطَّالِبِیْنَ.

**તર્જુમો** : શું તમે નથી જાણતા ''હે નાદાન મિર્ઝાઈઓ ! કે રહીમ તથા કરીમ ખુદાએ આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને **કોઈ અપવાદ વિના ખાતિમુલ અંબિયા (અંતિમ નબી)** ઠરાવ્યા છે અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ **ખાતમુન્નબિય્યીન**ની તફસીર **લા નબીય્ય બઅ્‌દી** સાથે ફર્માવી છે કે **મારા પછી કોઈ નબી થશે નહીં** અને હક્કના તલબ કરનારાઓ માટે આ વાત સ્પષ્ટ છે.'' *(હુમામતુલ બશરી, પેજ–૩૪ તથા મજમૂઆ, પેજ–૧૬૮)*





મિર્ઝા કાદયાનીએ આ આયતની તફસીરમાં જે હદીષનો હવાલો આપ્યો છે તે આ છે : **અના ખાતમુન્નબિય્યીન લા નબી બઅ્‌દી.** *(મિશ્કાત કિતાબુલ ફતન)* **''હું નબીઓને ખત્મ કરનારો છું મારા પછી કોઈ નબી નથી.''**

આટલી સ્પષ્ટતા પછી કોઈ કાદયાની માટે **ખાતિમ**ના અર્થમાં ઉલઝવા માટે હવે કોઈ અવકાશ રહેતો નથી.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અંતિમ નબી હોવા વિશે હદીષથી સાબિતી ★

### ☆ હદીષ નં. ૧ :–

وَعَنْ ثَوْبَانَ اِلٰی قَوْلِہٖ اِنَّہٗ سَیَکُوْنُ فِیْ اُمَّتِیْ
کَذَّابُوْنَ ثَلَاثُوْنَ کُلُّھُمْ یَزْعَمُ اَنَّہٗ نَبِیُّ اللّٰہِ وَاَنَا خَاتَمُ النَّبِیِّیْنَ لَا نَبِیَّ بَعْدِیْ

''ચોક્કસ મારી ઉમ્મતમાં ત્રીસ કઝ્ઝાબ (જૂઠા) પેદા થશે, તેમાંથી દરેક નબુવ્વતનો દા'વો કરશે. જો કે હું નબીઓને ખત્મ કરનારો છું, મારા પછી કોઈ નબી પેદા થશે નહીં.'' *(અબૂ દાઊદ, તિર્મિઝી, મિશ્કાત, કિતાબુલ ફતન)*

જાણવા મળ્યું કે ઉમ્મતે મુહમ્મદીમાં જે વ્યક્તિ પોતે નબી હોવાનો દા'વો કરે તે કઝ્ઝાબ (જૂઠો) છે. જેમ કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની વગેરે.

### ☆ હદીષ નં. ૨ :–

عَنِ الْعِرْبَاضِ سَارِیَۃَ عَنْ رَسُوْلِ اللّٰہِ صَلَّی اللّٰہُ
عَلَیْہِ وَسَلَّمَ اَنَّہٗ قَالَ اِنِّیْ عِنْدَ اللّٰہِ مَکْتُوْبٌ خَاتَمَ النَّبِیّٖنَ وَاَنَّ
اٰدَمَ لَمُنْجَدِلٌ فِیْ طِیْنَتِہٖ

આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આદમ જયારે ગુંદેલી માટીના રૂપમાં હતા તે વખતે પણ હું અલ્લાહની નજીક નબીઓને ખત્મ

કરનારો લખવામાં આવ્યો હતો.'' *(શરહુસ્સુન્નહ, અહમદ તથા મિશ્કાત, પ્રકારણ ફઝાઈલે નબી* صلی اللہ تعالیٰ علیہ وسلم *)*

☆ **હદીષ નં. 3 :–**

**وَعَنْ جَابِرٍ اَنَّ النَّبِىَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ**
**اَنَا قَائِدُ الْمُرْسَلِيْنَ وَلَا فَخْرَ وَاَنَا خَاتَمُ النَّبِيِّيْنَ وَلَا فَخْرَ**

''હું નબીઓનો સરદાર છું, હું ખાતમુલ અંબિયા છું, આ વાત હું ફખ્રથી નથી કહેતો બલ્કે હકીકત દર્શાવુ છું.'' *(દારમી, મિશ્કાત)*

☆ **હદીષ નં. ૪ :–**

**اِنَّ لِىْ اَسْمَاءً اَنَا مُحَمَّدٌ وَاَنَا اَحْمَدُ اِلٰى قَوْلِهٖ وَاَنَا الْعَاقِبُ الَّذِىْ لَيْسَ بَعْدَهٗ نَبِىٌّ**

''મારાં કેટલાંયે નામો છે, હું મુહમ્મદ છું, હું અહમદ છું, આકિબ છું, અને આકિબથી મુરાદ એ છે કે **મારા બાદ કોઈ નબી થશે નહીં.''** *(બુખારી તથા મુસ્લિમ, મિશ્કાત)*

☆ **હદીષ નં. ૫ :–**

**وَعَنْ اَبِىْ هُرَيْرَةَ اَنَّ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ**
**وَسَلَّمَ قَالَ فُضِّلْتُ عَلَى الْاَنْبِيَاءِ بِسِتٍّ اُعْطِيْتُ جَوَامِعَ الْكَلِمِ**
**وَنُصِرْتُ بِالرُّعْبِ وَاُحِلَّتْ لِىَ الْغَنَائِمُ وَجُعِلَتْ لِىَ الْاَرْضُ**
**مَسْجِدًا وَ طَهُوْرًا وَاُرْسِلْتُ اِلَى الْخَلْقِ كَافَّةً وَخُتِمَ بِىَ النَّبِيُّوْنَ.**

આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હું છ વાતોમાં સર્વ નબીઓ પર ફઝીલત ધરાવું છું : (૧) મને જામેઅ કલેમાત મળ્યા. (૨) મને રુઆબની સાથે ફતહ આપવામાં આવી છે. (૩) મારા માટે ગનીમતો હલાલ કરવામાં આવી છે. (૪) તમામ દુનિયા મારા માટે પવિત્ર સજદાગાહ બનાવવામાં આવી. (૫) હું તમામ લોકોની તરફ રસૂલ બનાવવામાં આવ્યો છું. (૬) મારી સાથે **અંબિયા (નબીઓ) ખત્મ** થાય છે. *(બુખારી, મિશ્કાત)*





☆ **હદીષ નં. ૬ :–**

**عَنْ اَبِىْ هُرَيْرَةَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ**
**عَلَيْهِ وَسَلَّمَ مِثْلِىْ وَ مَثَلُ الْاَنْبِيَاءِ كَمِثْلِ قَصْرٍ اُحْسِنَ بُنْيَانُهٗ**
**وَتُرِكَ مِنْهُ مَوْضِعُ لَبِنَةٍ فَطَافَ بِهِ النُّظَّارُ يَتَعَجَّبُوْنَ مِنْ حُسْنِ**
**بُنْيَانِهٖ اِلَّا مَوْضِعَ تِلْكَ اللَّبِنَةِ اَنَا سَدَدْتُ خُتِمَ بِىَ الْبُنْيَانُ وَ**
**خُتِمَ بِىَ الرُّسُلُ وَ فِىْ رِوَايَةٍ فَاَنَا اللَّبِنَةُ وَاَنَا خَاتَمُ النَّبِيِّيْنَ**

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ એ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું કે મારું અને પાછલા અંબિયાનું દ્રષ્ટાંત એક એવા મહેલ જેવું છે જેની ઈમારત સારી બનાવવામાં આવી હોય, પણ એમાં એક એક ઈંટની જગા ખાલી હોય. લોકો તેની આસપાસ ઘુમે છે અને ઈમારતની ખૂબસૂરતીથી અચંબો અનુભવે છે પણ એક ઈંટની જગા ખાલી જોઈને આશ્ચર્ય પામે છે. તો હું તે મુબારક ઈંટ છું જેણે એ જગા પૂરી કરી આપી. મારી જાતના કારણે નબુવ્વતના મહેલની પરિપૂર્ણતા થઈ ગઈ. એ જ પ્રમાણે **મારી જાતથી રસૂલોનો ક્રમ ખત્મ થઈ ગયો** છે. એક રિવાયતમાં છે કે **નબુવ્વતની અંતિમ ઇંટ હું છું** અને **હું જ નબીઓનો ખત્મ કરનારો છું.** *(બુખારી વ મુસ્લિમ, મિશ્કાત પ્રકારણ ફઝાઈલે નબી* صلی اللہ تعالیٰ علیہ وسلم *)*

☆ **હદીષ નં. ૭ :–**

**قَالَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَوْ كَانَ بَعْدِىْ نَبِىٌّ لَكَانَ عُمَرُ ابْنُ الْخَطَّابِ**

''જો મારા બાદ કોઈ **નબી હોત તો** તે ઉમર હોત.'' એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી **કોઈ નબી થશે નહીં.**

ઉપરોક્ત લખાણથી સ્પષ્ટ ભાષામાં **કુર્આન** તથા **હદીષ** થકી હુઝૂર નબી કરીમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પછી કોઈ નબી થશે નહીં તે સિધ્ધ થાય છે. એથી ઉલ્ટુ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ પોતે નબી હોવાનો દા'વો કર્યો જેથી તે કુર્આન તથા હદીષનો ઈન્કાર કરવાથી કાફિર ઠર્યો છે અને તેના અનુયાયીઓ પણ કાફિર ઠરે છે.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અંતિમ નબી હોવા બાબતે ઉમ્મતનો ઈજમાઅ ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ફર્માવે છે કે, "વહીનો ક્રમ કટ થઈ ગયો અને દીન સંપૂર્ણ થઈ ગયો."

હઝરત ઉમરે આપની વફાત પર કહ્યું કે, "મારાં માં બાપ આપના પર કુર્બાન ! તમને **ખુદાએ અંતિમ નબી મોકલ્યા** હતા. *(મવાહિબ, ભાગ–૨, પેજ–૪૯૬)*

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે : "આપ **નબીઓને ખત્મ કરનારા** છે." *(શમાઈલે તિર્મિઝી, ભાગ–૨)*

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે : આપ صلی اللہ تعالیٰ علیہ وسلم **અંતિમ નબી** છે. *(તલ્ખીસુત્તારીખ, ભાગ–૧, પેજ–૨૯૪)*

**ઉમ્મતનો ઈજમાઅ** : આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم નું અંતિમ નબી હોવું એ મસાઈલમાંથી છે **જેના પર તમામ આસ્માની કિતાબો સાક્ષી** છે અને નબવી હદીષો સ્પષ્ટપણે વર્ણન કરે છે અને તમામ ઉમ્મતનો એના પર "ઈજમાઅ" છે. જેથી એની વિરૂધ્ધ દા'વો કરનાર **કાફિર** છે, જો તૌબા ન કરે તો કત્લ કરવામાં આવશે. *(હવાલો : રૂહુલ મઆની, ભાગ–૭, પેજ–૬૫)*

અલ્લામા ઈબ્ને હજર મક્કી ફર્માવે છે : "જે શખ્સ આપના પછી કોઈ વહીનો મોઅતકિદ (માનનાર) બન્યો તે **કાફિર** છે." *(ફતાવા ઈબ્ને હજર મક્કી)*

મુલ્લા અલી કારી ફર્માવે છે : "આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પછી નબી હોવાનો દા'વો કરવો ઈજમાઅ સાથે **કુફ્ર** છે." *(શરહે ફિકહે અકબર, પેજ–૨૦૨)*

**"શિફા"** કાઝી અયાઝ رحمۃ اللہ علیہ માં નકલ થયેલ છે, આપે ખબર આપી કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ખાતમુન્નબિય્યીન (અંતિમ નબી) છે અને આપના પછી કોઈ નબી નથી થઈ શક્તો અને અલ્લાહ તઆલાના તરફથી એ ખબર આપી છે કે **આપ અંબિયાને ખત્મ કરનાર છે અને એના પર ઉમ્મતનો ઈજમાઅ** છે કે આ કલામ બિલ્કુલ પોતાના





જાહેર પર અવલંબિત છે અને જે એનો ભાવાર્થ જાહેરી શબ્દોથી સમજમાં આવે છે તે કશાય અર્થઘટન વિના એ જ મુરાદ છે. જેથી **તે લોકોના કુફ્રમાં કોઈ શંકા નથી જે એનો ઈન્કાર કરે,** અને આ કતઈ ઈજમાઈ અકીદો છે. *(શિફા શરીફ)*

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ જણાવે છે કે, "સૌ પયગંબરો પછી આપણા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને દુનિયા તરફ મોકલવામાં આવ્યા અને આપની નબુવ્વતને એવા કમાલના દરજા સુધી પહોંચાડી કે હવે એનાથી અધિક્તા મુહાલ છે એટલા માટે આપને ખાતમુન્નબિય્યીન કહ્યા કે **આપના બાદ કોઈ નબી થશે નહીં.** *(કીમિયાએ સઆદત, પેજ–૬૧)*

શરહે ફિકહે અકબરમાં મુલ્લા અલી કારી, પેજ–૬૯ ઉપર જણાવે છે કે, "નબીઓમાં પ્રથમ આદમ છે અને **છેલ્લા નબી મુહમ્મદ** صلی اللہ تعالیٰ علیہ وسلم **છે.** એ જ પ્રમાણે શરહે અકાઈદ નફસી, પેજ–૯૯ માં પણ છે.

ફુતૂહાતે મક્કિયહ્ શરીફ, પેજ–૫૧, ભાગ–૩ માં હઝરત મુહ્યુદ્દીન ઈબ્ને અરબી ફર્માવે છે :–

"નબુવ્વત ખત્મ થઈ ચૂકી, અમરો નવાહી (કરવા ન કરવા વિશેના હુકમો)નો દરવાજો બંધ થઈ ગયો. જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી એવો દા'વો કરે કે મારી વહીમાં અમ્ર (સારી વાતોનો હુકમ) છે અને નહીં (બુરી વાતોથી રોકવું) પણ, તો **તે (નવી) શરીઅતનો દાવેદાર** છે, ભલે તે શરીઅતનો વિરોધી હોય કે સમર્થક હોય." (અને એવો દાવેદાર **કાફિર** છે.)

ઈમામ શઅરાની رحمۃ اللہ علیہ આ લખાણ સાથે અધિક વધારો કરતાં જણાવે છે કે, "શરીઅતવાળો (નવી) હોવાનો દાવેદાર (જેમ કે કાદયાની) પોતાના અમરો નવાહી બતાવનાર (જેમ કે કાદયાનીએ કહ્યું) જો આકિલ હોય તો **મુર્તદ ઠરશે** અને **તેની ગરદન ઉડાડી દેવામાં આવશે** અને કોઈ પાગલ આવી વાતો કરશે તો ગાંડો સમજીને છોડી મૂકવામાં આવશે.

આમ આપણે જોઈ લીધું કે એ વાત પર ઉલમાનો ઈજમાઅ છે કે હુઝૂર મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم અંતિમ નબી છે, તેમના બાદ કોઈ

નબી થશે નહીં અને જે નબી હોવાનો દા'વો કરશે તે ઈસ્લામથી ખારિજ થઈ **કાફિર** ઠરશે.

## ★ કાદયાની વિરૂધ્ધ અહલે સુન્નતના ઉલમાના ફત્વા ★

કાદયાની ફિર્કાનો ઉદ્‌ભવ થતાં જ અહલે સુન્નતના ઉલમાએ, રહનુમાઓએ ખાસ કરીને મુફતી તેમજ મશાઈખે ૧૯ મી સદીના અંતિમ દસકામાં જ મિર્ઝા ગુલામ અહમદ કાદયાની અને તેના નવરચિત કાદયાની ધરમનો પીછો શરૂ કરી દીધો, તેને દરેક રીતે સીધા માર્ગે લાવવાની કોશિશ કરી પરંતુ તમામ કોશિશો બેકાર થઈ તો ચર્ચાઓ, મુનાઝરા તથા મુબાહેલા થતા રહ્યા પરંતુ સૌ નિરર્થક જતાં છેવટે ઈ.સ. ૧૯૦૬ માં હજ્જના મુબારક પ્રસંગે જ્યારે હરમૈન તૈયેબેનમાં દુનિયાભરના આલિમો, સાલેહો, મશાઈખ, મુફતી, કાઝી તથા ઈસ્લામી દાનિશ્વરોનો ઈજતેમા થયો તો શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન, મુજદ્દિદે આ'ઝમ **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ એ મિર્ઝા ગુલામ અહમદ કાદયાની સહિત અન્ય અમુક કુફ્ર તથા ગુમરાહીના સરદારોની કુફ્રી વાણીઓને એકત્ર કરીને એના પર **શરીઅતનો હુકમ લાગુ પાડયો કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની કાફિર, મુર્તદ, ઈસ્લામથી ખારિજ અને જહન્નમી છે. અને જે એના કુફ્ર તથા અઝાબમાં શક કરે તે પણ કાફિર છે.** પછી તે શરઈ હુકમની તસ્દીક (સમર્થન) હજ્જ માટે આવનાર તમામ ટોચના ઉલમા તથા શયખો તથા હરમૈન શરીફૈન (મક્ક–મદીના)ના તમામ અગ્રગણ્ય ઉલમાએ કિરામ વ મુફતીયાને એઝામે કરી. આજે પણ તે તસ્દીક ફતાવા **"હુસ્સામુલ હરમૈન"**ના નામથી મળી શકે છે. એટલુ જ નહીં પણ પેશાવરથી બંગાળ સુધી બસો અડસઠ (૨૬૮) મશહૂર વિખ્યાત ઉલમાએ ઈસ્લામે, મુફતી સાહબોએ તેમજ મહાન શયખોએ મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીને કુફ્રનો ફત્વો આપ્યો. તેમની સાથે શાદી વહેવાર, ઉઠક, બેઠક, ખાવા, પીવા..... વગેરે હરામ ઠરાવ્યું. એ ફત્વો **"અસ્સવારિમુલ હિંદિયા"**ના નામથી મશહૂર છે.





## ★ કાદયાનીઓના ગલત અકીદા તથા માન્યતાઓ ★

કાદયાની ધર્મનો સ્થાપક મિર્ઝા ગુલામ અહમદ કાદયાની" છે એટલા માટે તેના નામના ચારેવ ભાગો વડે આ મઝહબ ઓળખાય છે. એને **"મિર્ઝાઈ"** તથા **"ગુલામિયા"** તથા **"અહમદિયા"** તથા અધિક્તર **"કાદયાની"** કહે છે. મિર્ઝા ગુલામ અહમદ કાદયાની તથા તેના ખલીફાઓ તેમજ નિકટના અનુયાયીઓએ પોતાના ધર્મનો પાયો જે ઈંટો પર રચ્યો છે તે સર્વ ઈંટો ટેઢી છે એટલે કે કાદયાની ધર્મની આખી ઈમારત શરૂથી અંત સુધી ટેઢી છે જેથી તેમના સર્વ અકીદા તથા માન્યતાઓ ગલત છે. **ખાસ તો તેમણે અંબિયા તથા રસૂલો** علیہم السلام **ની શાને પાકમાં ગુસ્તાખીઓ, નમાઝ, રોઝા તથા હજ્જ વગરે ઈસ્લામી અરકાનની તૌહીન, નબુવ્વત તથા રિસાલતની "હકીકી" તથા "ઝિલ્લી" અને અવતારમય (બરૂઝી) વહેંચણી, બધા મુસ્લિમોને કાફિર ઠરાવવું.... વગેરે.**

## ★ હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની તૌહીન ★

કાદયાની ધર્મ સ્થાપક ગુલામ અહમદ કાદયાનીએ પોતાની કુખ્યાત કિતાબ "ખુત્બાએ ઈલ્હામિયા"માં **સૈયેદેના હઝરત આદમ** علیہ الصلوٰۃ والسلام ના વિશે કહ્યું કે :–

"અલ્લાહ તઆલાએ આદમને પેદા કરીને ઈન્સાન તથા જિનના સરદાર તથા હાકિમ બનાવ્યા, જેમ કે આયત اُسْجُدُوْا لِاٰدَمَ થી જાણવા મળે છે. પછી શૈતાને તેમને બહેકાવ્યા અને જન્નતોએથી કઢાવ્યા અને હુકૂમત તે અજગર (શૈતાન) પ્રતિ વાળવામાં આવી. આ લડાઈમાં આદમને બેઈજ્જતી તથા રુસ્વાઈ નસીબ થઈ. અને જંગ ક્યારેક આ રુખની તો કદીક તે રુખની થાય છે. અને રહમાનને ત્યાં પરહેઝગારો માટે નેક અંજામ છે. એટલા માટે અલ્લાહે **મસીહ મવઊદ (કાદયાની)**ને પેદા કર્યો જેથી અંતિમ જમાનામાં શૈતાનને હાર આપે."

*(ખુત્બાએ ઈલ્હામિયા, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ લખાણમાં પ્રથમ હઝરત આદમ عليه السلام ની સરદારી સ્વીકારીને બાદમાં તેણે હુકૂમત તથા સરદારીના ગર્વમય તાજને શૈતાનના સર પર નાખ્યો અને હઝરત આદમ عليه السلام ના નસીબમાં (મઆઝલ્લાહ !) બેઈજ્જતી તથા બદનામી લખી મારી, અને લખાણના અંતે છેવટમાં પોતાના સંબંધે ગપ્પુ હાંક્યુ કે આદમના મુકાબલામાં હું જ પરહેઝગાર તથા નેક અંજામ પામનારો છું કે જેને અલ્લાહે શૈતાનને હાર આપવા માટે પેદા કર્યો છે !

યાદ રાખશો કે તમામ નબીઓ عَلَيْهِمُ السَّلَام ની નબુવ્વત તથા તેમની ખુદાદાદ મહાનતા તથા કરામતને માનવી જરૂરિયાતે દીનમાંથી છે જેથી તેનો ઈન્કાર કરનાર શરીઅતની રૂએ કાફિર તથા જહન્નમી છે. મિર્ઝા કાદયાનીએ ન કેવળ હઝરત સૈયેદેના આદમ عليه السلام ની નબુવ્વતનો જ ઈન્કાર કર્યો બલ્કે તેમને **શૈતાનના બહેકાવામાં આવનાર, જન્નતથી કાઢી મૂકવામાં આવનાર, સરદારી તથા હુકૂમતથી મેહરૂમ થનાર, શૈતાનના મુકાબલામાં હાર ખાનાર, ઝલીલ તથા બેઈજ્જત અને બદનામ તથા બદ્અંજામ ઠરાવી દીધા.** અને આ સર્વ વાતો કોઈ નબીના માટે સાબિત કરવી અધર્મતા (ઈલ્હાદ) તથા બેદીની છે જેથી મિર્ઝા કાદયાની હઝરત આદમ عليه السلام ની બારગાહમાં સખ્ત પ્રકારની ગુસ્તાખી તથા બદ્તમીઝી કરીને ઈસ્લામી શરીઅતની રૂએ કાફિર મુર્તદ તથા કાયમી જહન્નમી છે અને જે તેના આ કુફ્રી અકીદાઓથી માહિતગાર થવા છતાં તેના કુફ્ર તથા અઝાબમાં શંકા કુશંકા કરે તે શરીઅતની દ્રષ્ટિએ **કાફિર** તથા **જહન્નમી** છે.

હવે તે લોકો જેઓ કોઈ લાલચમાં કે લોભમાં કાદયાનીને પોતાનો સરદાર, રહનુમા તથા મુસલમાન માનીને પોતે શું બન્યા ?

મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ પોતાની એ જ કિતાબ "ખુત્બાએ ઈલ્હામિયા"ના વધારામાં એ પણ દા'વો કર્યો કે :–

"....... આદમ મતભેદ તથા અદાવતની આગ ભડકાવવા માટે દુનિયામાં આવ્યો અને હું મતભેદો તથા અદાવતની ખરાબીઓને દૂર કરવાના માટે આવ્યો છું." *(ખુત્બાએ ઈલ્હામિયાનો વધારો, હેડીંગ : આદમ તથા મસીહ મૌઊદમાં ફરક)*





અખબાર "અલ્ ફઝ્લ'માં મહમૂદ અહમદ કાદયાની (જે મિર્ઝા કાદયાની આંજહાનીનો બીજો ખલીફા તથા તેનો પુત્ર અને તમામ કાદયાનીઓનો આદમ હતો) લખે છે :–

"મારો પોતાનો અકીદો એ છે કે હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) આ દૌરના ખાતિમ (અંતિમ) અને આગલા દૌરના આદમ પણ આપ જ છે. કેમ કે પ્રથમ દૌર સાત હજાર વરસનો આપના પર ખત્મ થયો અને આગલો દૌર આપનાથી શરૂ થયો. એટલા માટે આપના વિશે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : جَرِیُ اللّٰہِ فِیْ حُلَلِ الْاَنْبِیَآءِ એનો એ જ અર્થ છે કે આપ આવનારા નબીઓના રૂપમાં આવ્યા છે જેવી રીતે પહેલા નબીઓનો પ્રારંભિક બિંદુ હઝરત આદમ عليه السلام હતા, એ જ પ્રમાણે હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) જે આ જમાનાના આદમ છે અને ભાવિમાં આવનારા નબીઓના પ્રારંભિક બિંદુ છે." *(અલ્ ફઝ્લ, કાદયાન, તા. ૧૪–૨–૧૯૨૮, જિલ્દ–૧૫)*

ઉપરોક્ત અકીદાની સ્પષ્ટતામાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ એક પૂરી કિતાબ લખી જેનું નામ **મલ્ ફરકુ ફી આદમ વલ્ મસીહિલ મૌઊદ** રાખ્યું. પછી તેના પ્રથમ ખલીફા હકીમ નૂરૂદ્દીન અને બીજા ખલીફા ઉપરાંત કાદયાની મુફતીઓ તથા ઈમામોએ અકીદાની સ્પષ્ટતા તથા વિસ્તરણ કરીને અલ્ બદર, અલ્ ફઝ્લ અખબારો તથા અંકોમાં પ્રસિધ્ધ કર્યો. તેનો એક અધિક નમૂનો જોઈ લો :–

"فَقَعُوْا لَهٗ سَاجِدِيْنَ નો પણ એ જ અર્થ છે કે પ્રથમ આદમના વિશે ફરિશ્તાઓને હુકમ થયો કે તેના આજ્ઞાંકિત તથા ગુલામ બની જાવ ! જ્યારે આદમના વિશે ફરિશ્તાઓને આ હુકમ થયો, તો બીજા આદમ મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) **જે પ્રથમ આદમ કરતાં શાનમાં વધેલો હતો,** તેના માટે કેમ ન કહેવામાં આવતું કે આગ તમારી ગુલામ બલ્કે ગુલામોની ગુલામ છે." *(મલાઈકતુલ્લાહ, પેજ–૬૫, મિયાં મહમૂદ કાદયાનીની તકરીર)*

કાદયાનીઓના લખાણો તથા નવા નવા ગંદા અકીદાઓ તથા માન્યતાઓના વાંચનથી પણ ખુદા મુસલમાનોને બચાવે કે જેને વાંચવાથી

કેવળ મુસલમાનોનાં દિલ જ ઘાયલ નથી થતાં બલ્કે તમામ આદમની ઔલાદ દુઃખ અનુભવે છે. મજબૂરન્ અમારે લોકોને સાવધાન કરવા તેમની ગંદકીઓ વાંચકો સમક્ષ રાખવી પડે છે. જુઓ :–

## ★ કાદયાનીનું એક ખતરનાક લખાણ ★

લખે છે કે, "આ જમાનો જે અંતિમ જમાનો છે તેમાં ખુદા તઆલાએ એક વ્યક્તિને હઝરત આદમના કદમ પર પેદા કર્યા જે આજ લખનાર છે અને એનું નામ પણ આદમ રાખ્યું....... ખુદાએ ખૂદ રૂહાની બાપ બનીને આ આદમને પેદા કર્યો અને જાહેરી પેદાઈશની રૂએ એ જ પ્રમાણે નર તથા માદા પેદા કર્યા જેવી રીતે કે પ્રથમ આદમ પેદા કર્યો હતો. એટલે કે તેણે મને પણ જે આખરી આદમ છું જોડમાં પેદા કર્યો." *(તિર્યાકુલ કુલૂબ, પેજ–૧૫૬, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ છે મિર્ઝા કાદયાનીનો પાયાનો અકીદો કે હઝરત આદમ عليه الصلوٰة والسلام ને ખુદાએ ચાર તત્વો (માટી, આગ, પાણી, હવા) વડે પેદા કર્યા પણ મિર્ઝા કાદયાનીને **રૂહાની બાપ** બનીને ખૂદ પેદા કર્યો ! અને જેવી રીતે હઝરત આદમ તથા હવ્વાને જોડુ પેદા કર્યા એ જ પ્રમાણે મને અને મારી બહેન જિન્નતને જોડુ બનાવીને પેદા કર્યા પરંતુ એ જુદી વાત છે કે મારા જોડ થકી મારો વંશવેલો ન ચાલ્યો, કેમ કે નાની વયે તે મૃત્યુ પામી. સારાંશ કે મિર્ઝા કાદયાનીએ પોતાના આ લખાણમાં એવું સાબિત કરવાની કોશિશ કરી કે હું આદમ સમાન, આદમનો સાયો અને આદમ અવતાર છું. (અલ્લાહની પનાહ !)

## ★ હઝરત નૂહ عليه الصلوٰة والسلام ની શાનમાં ગુસ્તાખી ★

મુસલમાનો હઝરત નૂહ عليه الصلوٰة والسلام ને એટલા માટે આદમે ષાની (બીજા) કહે છે કે નૂહના તોફાન વખતે હઝરત નૂહ عليه الصلوٰة والسلام ના ત્રણ પુત્રો, અન્ય અમુક આજ્ઞાંકિતોના સિવાય આદમની સર્વ ઔલાદ ડૂબી ચૂકી હતી. પૃથ્વીના પટ પર આદમ વંશનું અસ્તિત્વ તથા આબાદી હઝરત નૂહ عليه الصلوٰة والسلام ને આભારી છે, જેથી હઝરત નૂહ عليه الصلوٰة والسلام આદમે ષાની છે.





પરંતુ કાદયાનીઓની દ્રષ્ટિએ મિર્ઝા ગુલામ કાદયાની ખલ્કત, ફિતરત તથા શાન તથા મહાનતાના એતબારે આદમે ષાની છે, જે શરીઅતની રૂએ તેમ જ બુદ્ધિની રૂએ તદ્દન બાતિલ (ખોટુ) છે.

મિર્ઝા કાદયાની એક જગાએ લખે છે કે :–

".....ખુદા તઆલા મારા માટે એટલી અધિકતાપૂર્વક નિશાનીઓ દેખાડી રહ્યો છે કે જો નૂહના જમાનામાં તે નિશાનીઓ દેખાડવામાં આવત તો તે લોકો ગર્ક ન થાત." *(તતિમ્મએ હકીકતુલ વહી, પેજ–૧૩૭, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

આ નાપાક લખાણમાં મિર્ઝા કાદયાનીએ હઝરત નૂહ عليه الصلوٰة والسلام ના મો'જિઝાઓની તૌહીન અને પોતાના શૈતાની ઈલ્હામો તથા નિશાનીઓ (મો'જિઝાઓ)ની અધિક્તાને એ રીતે વર્ણવી જાણે નૂહ عليه الصلوٰة والسلام ના મો'જિઝાના કારણે જ કાફિર તથા મુશ્રિકો ગુમરાહ થયા અને પોતાની ગુમરાહીના કારણે ડૂબી ગયા.

## ★ કાદયાની સ્વમૂખે કઝ્ઝાબ ઠર્યો ! ★

આ કાદયાની કઝ્ઝાબ જૂઠા નબીએ પોતાના ત્રણ લાખ મો'જિઝાઓનો દા'વો કર્યો છે ! જે સર્વ ધોકો તથા જૂઠ બયાની છે. દા. ત. ઈ. સ. ૧૯૦૮ થી પહેલાં તેણે એક પેશનગોઈ (આગાહી) કરી કે અમારું બુરુ તાકનાર ફલાણો મોલ્વી હૈઝા (એક ભયાનક બીમારી)ના અઝાબમાં સપડાઈને આટલા દિવસોમાં જહન્નમમાં સિધાવી જશે. અને જો ત હૈઝામાં સપડાઈને ન મરે તો મને કઝ્ઝાબ (જૂઠો) જાણજો. પણ તેની આ પેશનગોઈ ઉલ્ટી પડી ! કે ઈ.સ. ૧૯૦૮ માં હૈઝામાં ખૂદ સપડાઈ ગયો અને બંને કાણાઓએથી ગંદા પાણીની નીક ચાલુ થઈ ગઈ જેના પરિણામે તેના દુશ્મનને બદલે તે પોતે જ જહન્નમમાં સિધાવી ગયો અને પોતે જ સાબિત કરી આપ્યું કે તે પોતાની જીભ વડે પણ સાચે જ કઝ્ઝાબ (જૂઠો) હતો.

કાદયાની ખલીફાએ ષાની મિર્ઝા મહમૂદનું નૂહ عليه الصلوٰة والسلام ની ગુસ્તાખી કરતું કુફ્રી બયાન :–

"હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા ગુલામ કાદયાની લઅ્‌નતુલ્લાહિ અલૈહ)નું નામ અલ્લાહ તઆલાએ નૂહ રાખ્યું છે. વળી આપની સાથે એવો સૂલૂક (વર્તાવ) થશે જે પહેલા નૂહથી વધીને હોય. જેમ કે અલ્લાહ તઆલાએ એક તરફ જ્યારે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)નું નામ નૂહ રાખ્યું તો બીજી તરફ આપના પુત્રને હિદાયતથી વંચિત કરી દીધો જેથી બતાવે કે આ નૂહ عليه الصلوة والسلام ની સાથેની સાથે મળતાપણાના કારણે છે. પણ પછી આ પુત્રને હિદાયત નસીબ કરી જેથી જાહરે કરી આપે કે **પ્રથમ નૂહ આવ્યો અને તેનો પુત્ર હિદાયતથી વંચિત રહ્યો**, પણ આ બીજો નૂહ આવ્યો તો તેનો પુત્ર જો કે અરસા સુધી હિદાયતથી વંચિત રહ્યો પણ છેવટે ખુદાએ તેને હિદાયતમાં દાખલ કરીને જાહેર કરી આપ્યું કે પ્રથમ નૂહની સાથે જે અલ્લાહનો સુલૂક હતો તેનાથી વધીને તેનો સુલૂક આ બીજા નૂહ સાથે છે." *(અલ્ ફઝ્લ, જિલ્દ–૧૯, અંક–૫, ૧૧–જૂલાઈ, ઈ.સ. ૧૯૩૧)*

કાદયાનીની ઔલાદે અલ્લાહ પર એ આક્ષેપ લગાડયો કે કાદયાની દજ્જાલનું નામ અલ્લાહ તઆલાએ જ નૂહ રાખ્યું અને કાદયાનીના પુત્રને ગુમરાહ કરીને બંનેમાં સમાનતા પેદા કરી, પછી તે પુત્રને હિદાયત આપીને મિર્ઝા કાદયાનીને હઝરત નૂહ عليه الصلوة والسلام થી ચઢિયાતો કર્યો અને નૂહ عليه الصلوة والسلام ને તેની સરખામણીમાં ઘટાડી દીધા !

## ★ હઝરત યૂસુફ عليه الصلوة والسلام ની શાનમાં ગુસ્તાખી ★

ઈમામુલ મુરસલીન, ખાતમુન્નબિય્યીન હુઝૂર પુરનૂર મુહમ્મદ મુસ્તફા صلى الله تعالى عليه وسلم એ યૂસુફ عليه الصلوة والسلام ને પોતાના ભાઈ કહ્યા છે તેમની ઉચ્ચ શાનમાં ગુસ્તાખી તથા બદ્‌તમીઝી કરતાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાની પોતાની કુખ્યાત કિતાબ "બરાહીને અહમદિયા"માં લખે છે :–

"આ ઉમ્મતનો યૂસુફ એટલે આ આજિઝ (મિર્ઝા કાદયાની) ઈસ્રાઈલી યૂસુફથી વધીને છે. કેમ કે આ આજિઝ કૈદની દુઆ કરીને પણ કૈદથી બચાવવામાં આવ્યો પણ યૂસુફ ઈબ્ને યા'કૂબને કૈદમાં





નાખવામાં આવ્યો. અને આ ઉમ્મતના યૂસુફ (કાદયાની)ના છૂટકારા માટે પચીસ વરસ પહેલાં જ ખુદાએ પોતે ગવાહી આપી અને નિશાન દેખાડયાં પણ યૂસુફ ઈબ્ને યા'કૂબ પોતાના છૂટકારા માટે ઈન્સાની ગવાહીનો પણ મોહતાજ રહ્યો." *(બરાહીને અહમદિયા, ભાગ–૫, પેજ–૭૬)*

**જુઓ ! કોઈ પણ નબીની જરા સરખી તૌહીન પણ કુફ્ર છે** જ્યારે આ ગુસ્તાખ કાદયાની નબુવ્વતનો દા'વો કરે તો છે સાથે સાથે જલીલુલ કદર નબી હઝરત યૂસુફ عليه الصلوة والسلام ની કેવી કેવી તૌહીન કરી રહ્યો છે ?! (અલ્લાહની પનાહ !)

## ★ તમામ નબીઓની શાનમાં બેઅદબી ★

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની જૂઠો લખે છે :–

**(ફારસીનો અનુવાદ)** : "અંબિયા عليهم السلام દુનિયામાં ઘણા આવ્યા પણ હું મઅરેફતમાં કોઈ નબી કરતાં કમ નથી. દરેક નબીને જે વિશિષ્ટતાઓ અલગ અલગ મળી તે તમામે તમામ વિશિષ્ટતાઓ એક સાથે મને મળી, એટલા માટે હું યકીનન ! તે નબીઓમાંથી કોઈનાથી કમ નથી. અને જે આ વાતને ખોટી સમજે તે મરદૂદ છે." *(દુર્રે ષમીન, પેજ–૨૮૭, ૨૮૮, લેખક :– મિર્ઝા કાદયાની)*

આ છે મિર્ઝા કાદયાનીનો તે અકીદો તથા ઈમાન જે તેણે પોતાની ઉમ્મતને આપ્યો છે. અને તેની ઉમ્મતના સરદારોએ અકીદાનો ખૂબ ખૂબ પ્રચાર કર્યો છે. જેમ કે મિર્ઝા કાદયાનીનો પુત્ર મિર્ઝા અહમદ કાદયાની કહે છે :–

"એ વાત જાહેર છે કે પહેલાનાં જમાનાઓમાં જે નબી થતા હતા તેઓના માટે એ જરૂરી ન હતું કે તેમનામાં તે તમામ કમાલો (ખૂબીઓ) રાખવામાં આવે જે નબી કરીમ صلى الله تعالى عليه وسلم માં રાખવામાં આવ્યા. બલ્કે દરેક નબીને પોતાની લાયકાત તથા કામના હિસાબે કમાલો આપવામાં આવ્યા હતા, કોઈને અધિક તો કોઈને થોડા. **પણ મસીહ મૌઊદ (કાદયાની)ને તો ત્યારે નબુવ્વત મળી જ્યારે તેણે નબુવ્વતે મુહમ્મદિયાના સર્વ કમાલો હાંસલ કરી લીધા** અને એ

લાયક બની ગયો કે **ઝિલ્લી** નબી કહેવાય. વળી ઝિલ્લી નબુવ્વતે મસીહ મૌઊદ (કાદયાની)ના પગલાં પાછળ નથી હટાવ્યાં બલ્કે આગળ વધાર્યાં અને એટલા અંશે આગળ વધાર્યાં કે નબી કરીમના લગોલગ લાવીને ખડો કરી આપ્યો.....છેવટ સુધી." *(કલિમતુલ્ ફઝ્લ)*

વળી એ જ સાહબઝાદો મિર્ઝા બશીર અહમદ એ જ કિતાબમાં આગળ લખે છે :–

"મસીહ મૌઊદ (કાદયાની)ની **ઝિલ્લી** નબુવ્વત કોઈ ઘટીયા (ઉતરતી કક્ષાની) નબુવ્વત નથી બલ્કે ખુદાની કસમ ! આ નબુવ્વતે જેવી રીતે આકાના દરજાને બુલંદ કર્યો તેવી રીતે **ગુલામને પણ એ કક્ષાએ લાવીને ખડો કરી આપ્યો કે જ્યાં સુધી બની ઈસ્રાઈલના નબીઓની પહોંચ નથી.** મુબારક તે જે આ પોઈન્ટને સમજે અને તબાહીના ખાડામાં પડવાથી પોતે પોતાને બચાવે." *(કલિમતુલ ફઝ્લ, લેખક : બશીર અહમદ કાદયાની)*

જુઓ છો ને ! બાપ બેટાનો કમાલ ! (અલ્લાહની પનાહ !) હજી પણ જોતા ચાલો ! કાદયાની કઝ્ઝાબ કહે છે કે :–

"વિવિધ કમાલો જે અન્ય તમામ નબીઓમાં જોવા મળતા હતા તે તમામે તમામ હઝરત રસૂલે કરીમમાં સૌથી વિશેષ મૌજૂદ હતા. અને હવે તે સર્વ કમાલો હઝરત રસૂલે કરીમથી **ઝિલ્લી** તૌર પર મને (કાદયાનીને) અતા કરવામાં આવ્યા અને એટલા માટે મારું નામ આદમ, ઈબ્રાહીમ, મૂસા, નૂહ, દાઊદ, યૂસુફ, સુલૈમાન, યહ્યા, ઈસા છે." *(મલ્ફૂઝાતે અહમદિયા, ભાગ–૪, પેજ–૧૪૨, સંપાદક : મંઝૂર ઈલાહી કાદયાની)*

મિર્ઝા કાદયાની કઝ્ઝાબે પોતાની નબુવ્વતનું એલાન એકાએક નથી કર્યું બલ્કે ખૂબ જ ચાલાકીપૂર્વક ધોકાથી નબુવ્વતની મંઝિલ સુધી પહોંચ્યો અને પછી ખુદા અને ખુદાની ઉલૂહિયતનો દા'વો કરી નાખ્યો. જેમ કે તેની કિતાબોના અભ્યાસથી જાણવા મળે છે. દા.ત. તેના ક્રમવાર ઉડયનને જુઓ કે તેણે પ્રથમ મુહદ્દિષ હોવાનો દા'વો કર્યો પછી મુજદ્દિદ, પછી ઈમામુઝ્ઝમાં, પછી મિષ્લે મસીહ, પછી મસીહ મૌઊદ, પછી મેહદી, પછી મુલ્હિમ (ઈલ્હામ પામનાર) પછી હામિલે વહી (વહી





પામનાર), પછી ખાતમુલ ઔલિયા, પછી ખાતમુલ ખુલફા, પછી યસૂઅનો એલચી, પછી મસીહ ઈબ્ને મરયમ, પછી મિષ્લે અંબિયા, પછી **ઝિલ્લે** મુહમ્મદ વ અહમદ, પછી ખાતમુલ અંબિયા, પછી નુત્ફએ ખુદા, પછી મઝહરે ખુદા, પછી ખુદાનો પુત્ર, પછી ખુદાનો બાપ અને એના પછી નજાણે શું શું ?!

## ★ મિષ્લ, ઝિલ્લ તથા બરૂઝ વગેરેનાં ભાવાર્થ ★

**"ઝિલ્લી"**નો અર્થ છે સાયો અથવા છાંયડો જેમાં અસલની શક્લ સાફ નજર નથી આવતી બલ્કે અસ્પષ્ટ (ઝાંખી) હોય છે. અને જો ધુંધરાપણુ દૂર થઈ જાય અને તેના ગુણો અથવા કોઈ એક ગુણ તેમાં અંક્તિ થઈ જાય તો તેને **"મિષ્લ"** કહે છે પછી સાયો પોતાની અસલની પૂરી તસ્વીર બની જાય અને તેની ખૂબીઓ **"ઝિલ્લ"**માં આવી જાય અથવા બીજા શબ્દોમાં કે એક શરીરની રૂહ તબદીલ થઈને બીજા શરીરમાં આવી તો તે જ **બરૂઝ** કહેવાય છે જેને હિંદીમાં **પુનર્જન્મ** તથા અરબીમાં **તનાસુખ** કહે છે. આ સ્પષ્ટતા એટલા માટે કરી છે કે કાદયાની ધર્મની બોલીમાં આ શબ્દોનો પ્રયોગ ખૂબ જોવા મળે છે જેથી તેના પ્રપંચને સમજવામાં સરળતા રહે.

કાદયાનીની તા'લીમ હેઠળ ઉછરેલો એક કાદયાની મોલ્વી મુહમ્મદ અહસન અમરોહી મિર્ઝા કાદયાની વિશે આ પ્રમાણે ગપ્પાં હાંકે જાય છે :–

"પહેલાંના ઉલૂલ અઝ્મ અંબિયામાં પણ આ અઝમત તથા શાનવાળો કોઈ નથી થયો. હદીષમાં તો એ છે કે, "જો મૂસા તથા ઈસા હયાત હોત તો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈત્તેબાઈ (અનુસરણ) વગર તેમને કોઈ ચારો ન હતો." પણ હું કહું છું કે મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની)ના સમયમાં પણ મૂસા તથા ઈસા હોત તો મસીહ મૌઊદ (કાદયાની)નું જરૂર અનુસરણ કરવું પડત." *(અલ્ ફઝ્લ, કાદયાન, ૧૮–૩–૧૯૧૬, જિલ્દ–૩, અંક–૯૭)*

ઉપરોક્ત લખાણમાં મિર્ઝા કાદયાનીએ તમામ ઉલૂલ અઝ્મ

અંબિયાની શાનમાં બેઅદબી કરી છે. હવે આ કઝ્ઝાબે ઈસા عليه السلام તથા હઝરત મરયમની શાનમાં શું બકવાસ કરી છે તેને પણ જાણી લો :–

## ★ હઝરત ઈસા તથા હઝરત મરયમની શાનમાં ગુસ્તાખી ★

**(૧)** ખુદાએ આ ઉમ્મતમાંથી મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) મોકલ્યો છે જે એ પહેલા મસીહ (ઈસા) કરતાં પોતાની તમામ શાનમાં વિશેષ છે. મને કસમ છે તે જાતની જેના હાથમાં મારી જાન છે કે જો મસીહ ઈબ્ને મરયમ મારા જમાનામાં હોત તો તે કામ જે હું કરી શકુ છું તે કદી પણ ન કરી શકત અને તે મો'જિઝા જે મારાથી જાહેર થઈ રહ્યા છે તે કદાપિ ન દેખાડી શક્ત.'' *(હકીકતુલ વહી, પેજ–૧૪૮, લેખક : મિર્ઝા કાદયાની)*

**(૨)** ''વરસાદના દિવસોમાં હજારો કીડા મકોડા આપોઆપ પેદા થઈ જાય છે, અને હઝરત આદમ પણ વગર મા બાપે પેદા થયા. તો પછી હઝરત ઈસાની આ પેદાઈશથી કોઈ બુઝુર્ગી એમની સાબિત નથી થતી, બલ્કે વિના બાપે પેદા થવું અમુક ખૂબીઓથી મેહરૂમ હોવા વિશે દલીલ પૂરી પાડે છે.'' *(ચશ્માએ મસીહી, પેજ–૧૮, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

**(૩)** ''હઝરત મસીહ ઈબ્ને મરયમ (ઈસા) પોતાના બાપ યૂસુફની સાથે બાવીસ (૨૨) વર્ષો સુધી સુથારી કામ પણ કરતા રહ્યા છે. *(ઈઝાલાએ અવહામ, પેજ–૩૦૩, લેખક : મિર્ઝા કાદયાની)*

**(૪)** ''પ્રારંભ પણ તેમનો (ઈસાનો) લઅ્નતથી છે અને અંત પણ લઅ્નતથી. જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો એનો મિસ્દાક (જેના પર લાગુ થાય તે) કોઈ પણ જોવા નથી મળતો. યહૂદી લોકો તો ખૈર લઅ્નત કરતા જ હતા પરંતુ ખૂદ તેમના (ઈસાના) હવારી પણ લઅ્નત કરવાથી ન રોકાઈ શક્યા. હવારીઓ (સાથીઓ)માં એક જણે ત્રણ વાર એમના પર લઅ્નત કરી.'' *(મલ્ફૂઝાતે અહમદિયા, ભાગ–૭, પેજ–૪૬૧, સંપાદક : મંઝૂર ઈલાહી કાદયાની લાહોરી)*





**(૫)** ''ઈસાઈઓએ આપના (હઝરત ઈસાના) ઘણા મો'જિઝાઓ લખ્યા છે પણ હક્ક વાત એ છે કે આપના થકી કોઈ મો'જિઝો થયો નથી, જે દિવસથી આપે મો'જિઝો માંગનારાઓને ગંદી ગાળો આપી અને તેમને હરામકાર અને હરામની ઔલાદ ઠરાવ્યા તે દિવસથી શરીફો આપનાથી દૂર થઈ ગયા.'' *(ઝમીમા અંજામે આથમ, પેજ–૬, લેખક : મિર્ઝા કાદયાની)*

**(૬)** ''હા ! આપ (હઝરત ઈસા عليه السلام)ને ગાળો આપવાની અને બદ્ઝબાનીની પુષ્કળ પ્રમાણમાં આદત હતી. મામૂલી મામૂલી વાતમાં ગુસ્સો આવી જતો હતો. પોતાના નફ્સને જઝબાતથી રોકી શક્તા ન હતા. પણ મારી (કાદયાનીની) દ્રષ્ટિએ આપની હરક્તો અફસોસ કરવાને પાત્ર નથી કેમ કે આપ તો ગાળો આપતા હતા અને યહૂદી હાથ વડે કસર પૂરી કરી લીધા કરતા હતા. એ વાત પણ યાદ રાખશો કે આપને અમુક અંશે જૂઠ બોલવાની પણ આદત હતી.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૫)*

**(૭)** ''આપનું ખાનદાન પણ અતિશય પવિત્ર તથા પાક છે ! (કટાક્ષ) ત્રણ દાદીઓ તથા તથા નાનીઓ આપની ઝિનાકાર તથા કેટલીયે સ્ત્રીઓ હતી જેમના લોહી થકી આપનું વજૂદ અસ્તિત્વમાં આવ્યું. આપનું નાચનારીઓ પ્રતિ આકર્ષણ તથા સોહબત કદાચ એ કારણે હોય કે દાદા તરફની નિસ્બત દરમ્યાનમાં છે, નહીં તો કોઈ પરહેઝગાર માણસ એક યુવાન નાચનારીને એ મોકો નથી આપી શક્તો કે તેણી તેના માથા પર પોતાનો નાપાક હાથ લગાડી દે અને ઝિનાકારીની કમાણીનું નાપાક અત્તર તેના માથા પર લગાડે અને પોતાના વાળોને તેના પગો પર ઘસે. સમજનારાઓ સમજી લે કે આવો માણસ કયા ચલનનો માણસ હોઈ શકે છે.'' *(હવાલો : ઉપર મુજબ, પેજ–૭)*

**(૮)** ''ઈબ્ને મરયમના ઝિક્રને છોડો ! એનાથી બેહતર ગુલામ અહમદ છે.'' *(ઈઝાલતુલ્ અવહામ, પેજ–૬૯)*

**(૯)** ''પછી ખુદાએ આપનું નામ ઈસા રાખ્યું છે જેથી પ્રથમ ઈસા (عليه السلام)ને યહૂદીઓએ સૂળીએ લટકાવી દીધા હતા પણ આપ

(મિર્ઝા કાદયાની) આ જમાનાના યહૂદી ખાસિયતવાળા લોકોને સૂળીએ લટકાવશે.'' *(તકદીરે ઈલાહી, પેજ–૨૯, મિર્ઝા મહમૂદ અહમદ ખલીફાએ કાદયાની)*

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની અને કાદયાની ધર્મના લીડરોનાં ઈમાનસોઝ નાપાક લખાણોમાંથી અમુક જ નમૂના આપે ઉપર જોયા એના પરથી કાદયાની ધર્મના ઈમાન તથા અકીદાનો આપ અંદાઝો લગાડી લો કે હઝરત ઈસા عليه السلام વિશે કેટલા નીચ ગંદા ગંદા અકીદા તેઓ ધરાવે છે. જો ઉપરોક્ત લખાણોની સ્પષ્ટતા વર્ણન કરવામાં આવે તો એમાં હજારો કુફ્રી વાતો ચમકતા સૂરજની જેમ ઉઘાડી સામે આવી જાય છે. અને એ જ કુફ્રી વાતોને કાદયાનીઓએ ગળે લગાડી રાખી છે.

## ★ ખાતમુન્નબિય્યીન બેમિષ્લ નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં ગુસ્તાખી ★

ઘણા જ અફસોસ સાથે કહેવું પડે છે કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ ગુલામ અહમદ નામ રાખવા છતાં ડંકાની ચોટ પર નબી આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સમાનતા તથા બરાબરીનો દા'વો કર્યો અને પોતાને ન કેવળ તેમના મિષ્લ (જેવો) તથા નઝીર (સમાન) લખ્યો બલ્કે અયન મુહમ્મદ ( صلی اللہ تعالیٰ علیہ وسلم ) હોવાનો બાતિલ (જૂઠો) દા'વો પણ કર્યો અને કાદયાની ધર્મવાળાઓએ તેને સમર્થન કરી તેને પોતાનું ઈમાન તથા અકીદો ઠરાવ્યો. પોતાની ડઝનબંધી કિતાબોમાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ એ બાબતનો દા'વો કર્યો છે કે :–

''હું ઈસ્લામના પયગંબર ખાતમુન્નબિય્યીન મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો (બરૂઝી) **અવતાર** તથા **સાચો** (ઝિલ્લ) છું અને સાયો પોતાની અસલથી અલગ કોઈ ચીજ નથી એટલા માટે **હું પણ જાણે મુહમ્મદ જ છું** અને જે ફઝાઈલ તથા ખૂબીઓ, કમાલો તેમના છે તે મારા પણ છે. તો જે શખ્સ પણ મારામાં અને મુહમ્મદમાં ફરક કરે છે તે મારી દ્રષ્ટિએ મુસલમાન જ નથી.''





એક જગાએ તેનો સાહબઝાદો બશીર અહમદ કાદયાની લખે છે :–

''શું એ વાતમાં કોઈ શંકા રહી જાય છે કે કાદયાનમાં અલ્લાહ તઆલાએ ફરી મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને ઉતાર્યા જેથી પોતાના વાયદાને પૂરો કરે.'' *(કલિમતુલ ફઝ્લ, લેખક : બશીર અહમદ કાદયાની, પેજ–૧૦૫)*

એનાથી જાણવા મળે છે કે પુનર્જન્મનો અકીદો કાદયાની ધર્મમાં સામાન્ય રીતે માનવામાં આવે છે, જેનો વારંવાર તેમની કિતાબોમાં ઉલ્લેખ જોવા મળે છે.

શાને રિસાલતમાં ગુસ્તાખી કરતાં કાદયાની ધર્મનો કાઝી ઝહૂરુદ્દીન અકમલ પુનર્જન્મ (જન્મ જન્મના ફેરા)ને ન કેવળ સમર્થન જ કરે છે બલ્કે પોતાના નબી કાદયાનીને હુઝૂરની શાન તથા અઝમતની સરખામણીમાં વધારી દે છે જેને કાદયાની અખ્બારો તથા કિતાબોમાં છપાવામાં આવે છે :–

*મુહમ્મદ ફિર ઉતર આયે હૈ હમમેં*
*ઔર આગેસે બઢકર હૈ અપની શાનમેં*

*મુહમ્મદ દેખને હોં જિસ્ને 'અકમલ'*
*ગુલામ અહમદકો દેખે કાદયાનમેં*

એટલે કે, ''મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) ફરી આપણામાં ઉતરી આવ્યા અને અગાઉ કરતાં પણ શાનમાં વધારે છે ! મુહમ્મદ જેણે જોવા હોય તે કાદયાનમાં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીને જુએ.'' એટલે કાદયાની પોતે જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં શાનમાં વધીને આવેલ છે. ખાતિમુલ અંબિયા عليه السلام ની ખાત્મિયતનો ઈન્કાર મિર્ઝા કાદયાનીએ આ રીતે કર્યો છે :–

''ખાતમુન્નબિય્યીન આવનારા નબીઓ માટે રોક નથી, મહાન નબીઓ હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ના ગુલામોમાં પેદા થશે.'' *(અલ્ ફઝ્લ ખાતમુન્નબિય્યીન નંબર, પેજ–૧૫, ઈ.સ. ૧૨–૬–૧૯૨૮)*

કાદયાનીના ખલીફા મિર્ઝા મહમૂદ પોતાના ખત્મે નબુવ્વતના

અકીદાનું એલાન આ શબ્દોમાં કરે છે !

"તેમણે (અહલે સુન્નત વ જમાઅતે) એવું સમજી લીધું છે કે ખુદાના ખજાનાઓ ખત્મ થઈ ગયા. તેમનું એવું સમજવું ખુદા તઆલાની કદરને જ ન સમજવાના કારણે છે, નહીં તો એક નબી શું હું તો કહું છું કે હજારો નબી થશે." *(અન્વારુલ્ ખિલાફત, પેજ–૬૨)*

## ★ હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમરની શાનમાં ગુસ્તાખી ★

નબીઓ બાદ સર્વ ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ મર્તબો ધરાવનાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. જેમની શાનમાં બેઅદબી કરતાં ગુલામ અહમદ કાદયાની લખે છે :–

"હું તે જ મેહદી છું જેના વિશે ઈબ્ને સીરીંને પૂછવામાં આવ્યું કે શું તે હઝરત અબૂબક્રના દરજ્જા પર હશે ? તેમણે જવાબ આપ્યો કે અબૂબક્ર તો શું તે અમુક અંબિયાથી બેહતર છે !" *(તબ્લીગી રિસાલત, ભાગ–૯, પેજ–૩૦)*

કાદયાની હકીમુલ ઉમ્મત મિયાં મહમૂદ હુસૈન એક જગાએ લખે છે :–

"..........**અબૂબક્ર** તથા **ઉમર** શું હતા ? તે તો હઝરત અહમદ (કાદયાની)ના જોડા (બુટ)ની દોરી ખોલવાને લાયક ન હતા." *(અલ્ મહદી, પેજ–૫૭, હકીમ મુહમ્મદ હુસૈન કાદયાની)*

શું આનું નામ જ કાદયાની પંથમાં ઈમાન તથા ઈસ્લામ છે કે કાદયાની કઝ્ઝાબ સિવાય સર્વની તૌહીન જ કરવી !

ક્યાં સુધી વર્ણન કરવામાં આવે ?! આ મિર્ઝા કાદયાની તથા તેના ચેલા સર્વે બદ્બખ્તોએ વીણી વીણીને નબીઓ, રસૂલોની, સૈયદુલ અંબિયાની તેમ જ સહાબાની સખ્તથી સખ્ત તૌહીનો કરી છે જેને વર્ણન કરતાં દિલ ધ્રુજી ઉઠે છે. કુત્બુલ અક્તાબ, શયખુલ ઉલમા હઝરત સૈયેદના મહર અલી શાહ સાહબ ગોલળવી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની





સૈયેદના અહમદ સરહિંદી, હુઝૂર ગૌષે પાક શયખ અબ્દુલ કાદિર જીલાની, હઝરત ઈમામ હુસૈન, હઝરત અબૂબક્ર, હઝરત અલી کرّم اللہ وجہہ الکریم, હઝરત ફાતેમા ઝોહરા, પાક પંજતન, તમામ સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તથા **તમામ મુસલમાન ઉમ્મતની કલ્પના બહારની તૌહીન કરી છે અને જૂઠાએ સદંતર જૂઠાણા લખીને હવાઈ કિલ્લા બાંધી પોતાના વખાણો લખ્યાં છે.**

## ★ કાદયાનીને ન માનનારને તેણે હલકી ગાળો ભાંડી ! ★

આ કઝ્ઝાબ જૂઠા નબી હોવાના દાવેદાર મિર્ઝા કાદયાનીની હલકી ભડવા જેવી બિભત્સ ભાષા સાંભળવા ચાહતા હોઉ તો આ નમૂનો જોઈ લો ! :–

"રંડીઓના બાળકો જેમનાં દિલો પર અલ્લાહે મોહર લગાડી દીધી છે તેમના સિવાય સર્વ લોકો મારી નબુવ્વત પર ઈમાન લાવી ચૂક્યા છે." *(આઈનાએ કમાલાતે અહમદિયા, પેજ–૫૪૭)*

"અમારા દુશ્મન (તેને ન માનનારા) જંગલોના સુવ્વર બની ગયા અને તેમની સ્ત્રીઓ કૂતરીઓ કરતાંય વધી ગઈ." *(નજમુલ્ હુદા, પેજ–૧૦)*

"તે લોકોએ ચોરો, ડાકૂઓ અને હરામીઓની જેમ પોતાની સહાયક ગવર્નમેન્ટ (અંગ્રેજો) પર હુમ્લો શરૂ કરી આપ્યો." *(એક ગલતીકા ઈઝાલા, પેજ–૭૨૪, લેખક : મિર્ઝા કાદયાની)*

સાચી વાત છે કે જૂઠા નબીની ભાષા આવી જ હોય છે ! અને જાલિમ અંગ્રેજો વિરૂધ્ધ ચળવળ ચલાવનાર મુસલમાન મુજાહિદોને ચોર, ડાકૂ અને હરામી કહ્યા જે તેના પર એહસાન કરનારી તેને પોષનારી ગવર્નમેન્ટ હતી.

અને જે તેની જમાઅત (કાદયાની)માં દાખલ થયો તેના વિશે કેટલી ભ્રામક વાત કહે છે કે, "જે વ્યક્તિ મારી જમાઅત (કાદયાની)માં

દાખલ થયો તે હકીકતમાં સરદાર ખૈરુલ મુરસલીનના **સહાબી**ઓમાં દાખલ થયો.'' *(ખુત્બાએ ઈલ્હામિયા, પેજ–૨૫૮, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

કાદયાની કઝ્ઝાબનું એક ઔર જૂઠાણુ જુઓ અને તેના પર લઅ્નત મોકલો :–

''સૌથી મહન ફઝ્લ અને ઈનામ એ છે કે ખુદા તઆલા કોઈની સાથે કલામ (વાત) કરે પરંતુ એનાથી બીજા ક્રમે એ છે કે ખુદા તઆલા સાથે કલામ કરનાર માણસ સાથે સંબંધ હોય. કેમ કે નબીઓને ખુદા તઆલા સાથે વાસ્તા વિના (ડાયરેક્ટ) સંબંધ હોય છે. **પરંતુ હું તો જોઉં છું કે અમારી (કાદયાની) જમાઅતના અમુક માણસોની સાથે ખુદા તઆલા ડાયરેક્ટ કલામ (વાત) કરે છે.''** *(ખુત્બાએ જુમ્આ, મિર્ઝા મહમૂદ ખલીફાએ કાદયાન, અલફઝ્લ, જિલ્દ–૩, અંક–૧૧, જૂલાઈ, ઈ.સ. ૧૯૧૫)*

આ લખાણને ઈમાનની નજરે ઠંડા કલેજે વાંચો અને સોચો કે કેવાં કેવાં જૂઠાણા કાદયાની ધર્મમાં હાંકવામાં આવે છે.

## ★ કુર્આને પાકની તૌહીન ★

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની કઝ્ઝાબનો ગુમરાહ ખલીફા મિર્ઝા મહમૂદ પોતાના જુમ્આના પ્રવચનમાં એલાન કરે છે :–

''એ જ કારણે હવે કોઈ કુર્આન નથી સિવાય એ કુર્આનના કે જે હઝરત મસીહ મવઊદ (કાદયાની)એ રજુ કર્યું અને કોઈ હદીષ નથી સિવાય તે હદીષના જે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ની રોશનીમાં જોવામાં મળે. એ જ રીતે રસૂલે કરીમ ﷺ નું વજૂદ એ જ ઝરીયાથી નજર આવશે કે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ની રોશનીમાં જોવામાં આવે. જો કોઈ ચાહે કે આપથી (કાદયાનીથી) અલગ થઈને જોઈ શકે તો તેને કાંઈ જોવામાં આવશે નહીં. એ જ રીતે (કાદયાનીથી હટીને) જો કોઈ કુર્આનને પણ જોશે તો તેના માટે હિદાયત આપનારું કુર્આન હશે નહીં પણ ગુમરાહ કરનારું કુર્આન હશે......(છેવટ સુધી). *(અલ્ ફઝ્લ,*





*કાદયાન, જિલ્દ–૧૨, અંક–૪)*

આ મિર્ઝાઈ કાદયાનીની ખિલાફતની અસર છે કે તેની રોશનીમાં ''બરાહીને અહમદિયા''ના સિવાય કોઈ કુર્આન નથી અને ''મલ્ફૂઝાતે અહમદિયા'' સિવાય કોઈ હદીષ નથી. આમાં કુર્આને પાકની તથા હદીષની સરાસર તૌહીન છે.

## ★ મુબારક–હદીષોની તૌહીન ★

કઝ્ઝાબ કાદયાનીનો ખલીફા મરદૂદ આપણા નબી કરીમ મુહમ્મદ મુસ્તફા ﷺ ના હદીષોના વિશે કેટલી ઉધ્ધતાઈપૂર્વક લખે છે કે :–

''જો હદીષોને પોતાની રીતે પઢશો તો તે મદારીના પટારાથી વિશેષ હૈસિયત ધરાવશે નહીં. હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) કહ્યા કરતા હતા કે હદીષોની કિતાબોનું દ્રષ્ટાંત તો મદારીના પટારા જેવું છે જેવી રીતે મદારી જે ચાહે છે તેમાંથી કાઢી લે છે એ રીતે જે ચાહો તે એમાંથી કાઢી લો ! (પછી કહે છે) જેથી હઝરત મસીહ મૌઊદ (કાદયાની) ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક કહે છે કે, મોલ્વી લોકો હદીષ લઈને ફરતા રહે છે પણ હદીષોનું એ કામ નથી કે મારા વિશે ફેંસલો કરે, બલ્કે મારું કામ છે કે ફલાણી હદીષ દુરુસ્ત છે અને ફલાણી ગલત.'' *(હવાલો ઉપર મુજબ, ઈ.સ. ૧૯૨૪)*

## ★ મક્કા–મદીના તથા હજ્જની તથા ઈસ્લામની તૌહીન ★

આ લખાણમાં હદીષે પાકની સખ્તતરીન તૌહીન જૂઠા નબી કાદયાનીએ કરી છે. તે ઉપરાંત તેણે બયતુલ્લાહ શરીફ, **હરમેપાક** તથા મક્કા મદીનાની ભરપુર તૌહીન કરેલી છે. તેણે **કાદયાનની ભૂમીને હરમની ભૂમી** અને તેના માનનારાઓની કાદયાનમાં થતા **જલસામાંની હાજરીને હજ્જ** ઠરાવી, એ રીતે તૌહીન કરીને ઈસ્લામથી બગાવતનું એલાન કર્યું છે.

તેનો મહમૂદમિયાં ખલીફા મરદૂદ એક જગાએ લખે છે કે :–

"હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની)નું એ જ ઈલ્હામ છે કે હું મક્કામાં મરીશ અથવા મદીનામાં. તો એના સંબંધે અમે તો એવું કહીએ છીએ કે એ બંનેવ નામ (મક્કા–મદીના) કાદયાનનાં છે. પણ લાહોરી કાદયાની ગૃપ મદીના લાહોરને અને મક્કા કાદયાનને ઠરાવે છે અને એ જ વાત પર તેઓ અડેલા છે." *(હવાલો ઉપર મુજબ, ઈ.સ. ૧૯૩૩)*

આવી જ તરકટ વાતો દર્શાવી **મસ્જિદે અક્સા**ની પણ તૌહીન કરી છે, **હજ્જ**ની પણ તૌહીન કરી છે, અને **ઈસ્લામની તૌહીન** આ શબ્દોમાં કરી છે :–

"હઝરત મિર્ઝાને છોડીને જે ઈસ્લામ બાકી રહી જાય છે તે શુષ્ક (લુખો) ઈસ્લામ છે. એ જ પ્રમાણે આ ઝિલ્લી (કાદયાનની) હજ્જને છોડીને મક્કાવાળી હજ્જ પણ શુષ્ક રહી જાય છે. કેમ કે ત્યાં આજકાલ હજ્જના મકસદો પૂરા નથી થતા."

## ★ ઈસ્લામી જેહાદનો ઈન્કાર તથા તૌહીન ★

જેહાદ ઈસ્લામી ફર્ઝોમાંથી એક મહત્વનો ફર્ઝ છે કે જ્યારે જરૂરત તથા સંજોગો તેના લાયક ઉપસ્થિત હોય, તેની જરૂરિયાતો પૂરી થતી હોય તો મુસલમાનો પર જેહાદ ફર્ઝ થઈ જાય છે. એ કુર્આનમાં અલ્લાહ તઆલાનો આવેલો હુકમ છે, તેમાં કિયામત સુધી કાંઈ ફેર થઈ શકવાનો નથી. પણ અંગ્રેજોનો નમકખ્વાર ગુલામ કઝ્ઝાબ મિર્ઝા કાદયાની જૂઠાણુ લખે છે કે :–

"આજથી ઈન્સાની જેહાદ જે તલ્વારથી કરવામાં આવતો હતો તે ખુદાના હુકમથી બંધ કરવામાં આવ્યો. અને હવે પછી જે વ્યક્તિ કાફિર પર તલ્વાર ઉઠાવે અને પોતાનું નામ ગાઝી રાખે છે તો તે રસૂલ કરીમ ﷺ ની નાફર્માની કરે છે જેણે આજથી ૧૩૦૦ વરસ પહેલાં ફર્માવી દીધુ છે કે મસીહ મૌઊદ (કાદયાની)ના આગમન પર તલ્વારનો જેહાદ ખત્મ થઈ જશે. જેથી હવે મારા ઝહૂર પછી તલ્વારનો કોઈ જેહાદ નથી. અમારા તરફથી અમાન અને





સુલેહકારીનો સફેદ ઝંડો લહેરાવવામાં આવ્યો." *(અરબઐન, ભાગ–૪, પેજ–૪૭)*

## ★ કાદયાનીની દ્રષ્ટિએ કાફિરની વ્યાખ્યા ! ★

મિર્ઝા કાદયાની લખે છે કે, "કુફ્રના બે પ્રકાર છે : એક કુફ્ર એ છે કે એક વ્યક્તિ ઈસ્લામનો જ ઈન્કાર કરે છે, અને આં હઝરત ﷺ ને રસૂલ નથી માનતો. બીજુ એ કુફ્ર કે તે મસીહ મૌઊદ (કાદયાની)ને નથી માનતો...." *(હકીકતુલ વહી, પેજ–૧૭૯, મિર્ઝા કાદયાની)*

સારાંશ કે કાદયાની ધર્મ એક વિચિત્ર પ્રકારનો અધર્મ છે કે જેના એક એક લખાણમાં અસંખ્ય પ્રકારના કુફ્રો વણાયેલાં સમાયેલાં છે. મારી મારા તમામ સુન્ની ભાઈ બહેનોને વિનંતિ છે કે આ કિતાબને પોતે વાંચીને અન્યને પણ વંચાવો ભલે તમારા ત્યાં આ બલા પહોંચી ન હોય. પણ બલા ગમે ત્યારે તમારા ઘરે ટકોરા મારી શકે છે, જેથી પાણી પહેલાં પાળ બંધાઈ જાય અને અત્યારથી જ તમે તથા તમારી ઔલાદ આવા જહન્નમી ફિર્કાને ઓળખી લો તો દુનિયા તથા આખેરતમાં અમ્ન પામી શકો !

તથા જેઓ અજાણપણે કે કોઈ લાલચમાં કાદયાની પ્રતિ આકર્ષાયા હોય કે ભૂલથી તેમાં જોડાઈ ગયા હોય તેમને વિનંતિ છે કે તેઓ તાત્કાલિક ખુદાની બારગાહમાં તૌબા કરી એહલે સુન્નત વ જમાઅતનો દામન મજબૂતીથી પકડી લે. કારણ કે દુનિયાની દૌલતને તમે તમારી આંખ ખુલ્લી છે ત્યાં સુધી જ વાપરીને એશ આરામ કરી લેશો પણ આંખ મીંચાતાં જ હકીકી જિંદગી હમેશાંની જિંદગી આખેરતની જિંદગીમાં અઝાબ સિવાય કાંઈ હાથ આવશે નહીં તેનું યકીન કરી લો ! અને પોતાની ભલાઈ વિશે ઠંડા કલેજે વિચારીને કાદયાનિયતથી તૌબા કરી લો. તૌફીક આપનાર તો અલ્લાહ જ છે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

# કાદયાનીને ઓળખો

★ સંપાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા-મંથલી)*

★ પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

GRWB/057/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૩ | આવૃત્તિ–૨ | પ્રત : ૨૦૦૦ |
| ૧૨–રબીઉલ અવ્વલ | હિ.સ. ૧૪૨૬ | એપ્રિલ–૦૫ |

**કિંમત : રૂા. ૫/–**

## આ કિતાબ જરૂરથી વાંચો અને વંચાવો

**કિતાબ** : **ઈસ્લામ અને વિ□શાંતિ**
*(પેજીસ : ૩૪૮, આવૃત્તિ : બીજી)* **હદિયો : રૂા. ૫૦/–**

**લેખક** : હઝરત અલ્લામા મૌલાના બદરુલ્ કાદરી મિસ્બાહી (હોલેન્ડ)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક** : ઈસ્લામિક વેલ્ફેર મિશન, મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩ ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, ફોન : (૦૨૬૪૨)

બેશક ! યકીનન ! **''ઈસ્લામ વિ□ શાંતિનો જામિન''** છે. આજે પૂરા વિ□માં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં તેજીની સાથે લોકો ઈસ્લામને સ્વીકારી રહ્યા છે. જેવી રીતે અત્તરને શીશીમાં દાબીને ફીટ બંધ કરી દેવામાં આવે છતાં તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી તેમ યૂરોપ, અમેરિકાના તથા વિ□ભરના ઈસાઈ, યહૂદી તથા મુશ્રિકોના ઈસ્લામ વિરૂદ્ધના જૂઠા દુષ્પ્રચારની અતિશયતા છતાં ઈસ્લામની હક્કાનિયતની ખુશ્બુ વિ□ભરમાં વેરાઈ રહી છે અને ઈસ્લામનો અભ્યાસ કરનારા ફટાફટ ઈસ્લામમાં દાખલ થઈ રહ્યા છે.

વિરોધીઓએ ઈસ્લામથી લોકોને દૂર રાખવા તરહ તરહના વાંધાઓ ઉઠાવીને લોકોને ભડકાવવા અથાગ પ્રયાસો કર્યા છે. ક્યારેક જેહાદનો ગલત અર્થ દર્શાવીને તેની સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામી સજાઓ સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામે સ્ત્રીઓને અધિકારોમાં પાછળ રાખી છે (મઆઝલ્લાહ !) વગેરે વાંધાઓ ઉઠાવે છે. એ સર્વનો સંતોષકારક ઈમાનવર્ધક જવાબ આ કિતાબમાં વાંચી ઈમાનને તાજુ કરો.

આજે જ મંગાવો અને ગૈરોને પણ વંચાવીને ઈસ્લામની સચ્ચાઈ તેમની સમક્ષ પેશ કરો. લાયબ્રેરીઓ, મદ્રસા, દારુલ ઉલૂમોને ભેટ મોકલી સવાબ કમાઓ.

# કાદયાનીને ઓળખો

★ સંપાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા-મંથલી)*

★ પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

GRWB/057/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

**પ્રકાશન નં. : ૧૩ આવૃત્તિ—૨ પ્રત : ૨૦૦૦**
**૧૨—રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૨૬ એપ્રિલ—૦૫**

**કિંમત : રૂા. ૫/—**

## ☆ અનુક્રમણિકા ☆


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | પ્રસ્તાવના.... | ૦૩ |
| ૦૨ | કાદયાની ધર્મની શરૂઆત ક્યાંથી થઈ ? | ૦૫ |
| ૦૩ | હુઝૂર અંતિમ નબી હોવા વિશે કુર્આની હુકમ | ૦૭ |
| ૦૪ | હુઝૂર અંતિમ નબી હોવા વિશે હદીષથી સાબિતી | ૦૮ |
| ૦૫ | હુઝૂર અંતિમ નબી હોવા બાબતે ઉમ્મતનો ઈજમાઅ | ૧૧ |
| ૦૬ | કાદયાની વિરૂધ્ધ અહલે સુન્નતના ઉલમાના ફત્વા | ૧૩ |
| ૦૭ | કાદયાનીઓના ગલત અકીદા તથા માન્યતાઓ | ૧૪ |
| ૦૮ | હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની તૌહીન | ૧૪ |
| ૦૯ | કાદયાનીનું એક ખતરનાક લખાણ ! | ૧૭ |
| ૧૦ | હઝરત નૂહ علیہ الصلوٰۃ والتسلیم ની શાનમાં ગુસ્તાખી | ૧૭ |
| ૧૧ | કાદયાની સ્વમૂખે કઝ્ઝાબ (જૂઠો) ઠર્યો ! | ૧૮ |
| ૧૨ | હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم ની શાનમાં ગુસ્તાખી | ૧૯ |
| ૧૩ | તમામ નબીઓની શાનમાં બેઅદબી | ૨૦ |
| ૧૪ | મિષ્લ, ઝિલ્લ તથા બરૂઝ વગેરેનો ભાવાર્થ | ૨૨ |
| ૧૫ | હઝરત ઈસા તથા હઝરત મરમયની શાનમાં ગુસ્તાખી | ૨૩ |
| ૧૬ | ખાતમુન્નબિય્યીન બેમિષ્લ નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં ગુસ્તાખી | ૨૫ |
| ૧૭ | હઝરત અબૂબક્ર તથા ઉમરની શાનમાં ગુસ્તાખી | ૨૭ |
| ૧૮ | કાદયાનીને ન માનનારને તેણે હલકી ગાળો ભાંડી ! | ૨૮ |
| ૧૯ | કુર્આને પાકની તૌહીન | ૨૯ |
| ૨૦ | મુબારક હદીષોની તૌહીન | ૩૦ |
| ૨૧ | મક્ક—મદીના તથા હજ્જની તથા ઈસ્લામની તૌહીન | ૩૦ |
| ૨૨ | ઈસ્લામી જેહદનો ઈન્કાર તથા તૌહીન | ૩૧ |
| ૨૩ | કાદયાનીની દ્રષ્ટિએ કાફિરની વ્યાખ્યા ! | ૩૨ |